# વિવિધ ક્ષેત્રની મહિલા પ્રતિભાઓને ગૌરાન્વિત કરાઈ

## આંતરરાષ્ટ્રીય મહિલા દિનની પૂર્વ સંધ્યાએ મહિલા પ્રતિભાઓ ઉદ્‌ગમ વુમન્સ એચીવર્સે એવોર્ડથી સન્માનિત : ઉષાબેન બુચ અને અન્નપૂર્ણાબેન શુક્લને લાઈફ ટાઈમ એવોર્ડ : કુલ ૨૩ મહિલા પ્રતિભાઓ એવોર્ડથી નવાજિત

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગરના ઉદ્‌ગમ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા આજે આંતરરાષ્ટ્રીય મહિલા દિનની પૂર્વ સંધ્યાએ સતત છઠ્ઠા વર્ષે ઉદ્‌ગમ વુમન્સ એચીવર્સ એવોર્ડ-નારી શક્તિ કો સલામ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ ઈન્ફોસીટી ક્લબ એન્ડ રીસોર્ટ ખાતે ગુડાના નવનિયુક્ત અધ્યક્ષ આશિષભાઈ દવેના પ્રમુખસ્થાને યોજાયો હતો. જેમાં આઈશેડ તથા ટાટાપાવર સીએસાઆરના સીઈઓ સુરેશ રાવ, આસ્કમીડોટકોમના નવનીત નાગ તેમજ નહેરુ યુવા કેન્દ્રના રજનીકાંત સુથાર અને અગ્રણી મહિલાઓ ડૉ. હીના શાહ તથા આશાબેન સરવૈયાની ઉપસ્થિતિમાં યોજાયો હતો.



આ કાર્યક્રમમાં વિવિધ ક્ષેત્રની કુલ ૨૩ મહિલા પ્રતિભાઓને ઉદ્‌ગમ એચીવર્સ એવોર્ડથી સન્માનિત કરવામાં આવી હતી. જેમાં લાઈફટાઈમ એવોર્ડ માટે શિક્ષણ અને સેવા ક્ષેત્રે કાર્યરત ઉષાબેન બુચ તથા અન્નપૂર્ણબેન શુક્લનો સમાવેશ થાય છે. આ કાર્યક્રમમાં શિક્ષણ, સાહિત્ય, કલા-સંગીત-નૃત્ય, પત્રકારત્વ, ઉદ્યોગ સાહસિકતા, થીયેટર-કલા, પર્યાવરણ, રમતગમત, સમાજ સેવા અને આરોગ્ય જેવા વિવિધ ક્ષેત્રએ વિશિષ્ટ પ્રદાન કરનારી મહિલા પ્રતિભાઓનું સન્માન કરાયું હતું. કાર્યક્રમના પ્રારંભમાં ઉદ્‌ગમ ચેરીટેબલ ટ્રસ્ટના દેવેન્દ્રભાઈ પારેખે સ્વાગત પરિચય અને પરમજીત કૌર છાબડાએ સંસ્થાના કાર્યોની રૂપરેખા આપી હતી. મુખ્ય મહેમાન ડૉ. હીના શાહે મહિલા સશક્તિકરણ પર ખાસ ભાર મુક્યો હતો અને મહિલાઓએ સંગઠિત થઈ પગભર થવા અનુરોધ કર્યો હતો.

આ કાર્યક્રમને સફળ બનાવવામાં આશાબેન સરવૈયા, મુક્તિબેન વૈષ્ણવ, ડૉ. વર્ષાબેન પારેખ અને પરમજીતબેન દાબડાએ જ્યુરીની સેવાઓ આપી હતી. તેમજ સંજયભાઈ પ્રજાપતિ, સેમ્યુઅલ ક્રિશ્ચિયન તેમજ ડૉ. મયુર જોષીએ જહેમત ઉઠાવી હતી.

### ઉદ્‌ગમ વુમન્સ એચિવર્સ એવોર્ડ મેળવનાર મહિલાઓ

| એવોર્ડ કેટેગરી | એવોર્ડ વિજેતા |
|---|---|
| લાઈફ ટાઈમ એવોર્ડ | ઉષાબેન બુચ |
| લાઈફ ટાઈમ એવોર્ડ | અન્નપૂર્ણાબેન શુક્લ |
| કોર્પોરેટ | અંજુ બારોટ |
| સાહિત્ય | ઉષાબેન ઉપાધ્યાય |
| કળા-સંગીત-નૃત્ય | તૃષા વ્યાસ |
| કળા-સંગીત-નૃત્ય | દીપલબેન નાણાવટી |
| કળા-સંગીત-નૃત્ય | કુમુદબેન ભટ્ટ |
| થીયેટર-કલા-સાંસ્કૃતિક | ઝંખના જ્હા |
| થીયેટર-કલા-સાંસ્કૃતિક | આરજે દેવકી |
| શિક્ષણ | રવીનાબેન ક્રિશ્ચિયન |
| શિક્ષણ | ડૉ. તરુલત્તાબેન |
| પર્યાવરણ | યાત્રીબેન બક્ષી |
| રમત-ગમત | નોરીન વૈપન્ના |
| સમાજસેવા | ભાવના પટેલ |
| સમાજસેવા | વિરાજ શાહ |
| આરોગ્ય | ડૉ. નયના વેકરીયા |
| પત્રકારત્વ | પાર્થવીબેન વર્મા |
| પત્રકારત્વ | અનિતા તન્ના |
| પત્રકારત્વ | મનિષા વર્મા |
| ઉદ્યોગ સાહસિકતા | ડૉ. જ્હાનવી આમંગ |
| ઉદ્યોગ સાહસિકતા | જીજ્ઞા શાહ |
| આઈટી ઉદ્યોગ | રુચીરા લીજોય |
| આઈટી ઉદ્યોગ | રાધિકા સીકલીગર |

# ગાંધીનગરની ગ્રીષ્મા પ્રથમ મહિલા શોર ડ્રીલીંગ એન્જીનીયર બની

ગાંધીનગર, તા. ૭

સરઢવના વતની અને હાલમાં સેક્ટર-૨૩ ખાતે રહેતા અને પંચાયત સિંચાઈ વર્તુળ, ગાંધીનગરમાં મદદનીશ ઈજનેર તરીકે ફરજ બજાવતાં, નિલયકુમાર એન્જીનીયર અને ગાંધીનગર સમાજક્ષેત્રે અને ભારતીય જનતા પક્ષના અગ્રણી કુમુદબેન એન્જીનીયરની દીકરી ગ્રીષ્મા એન્જીનીયર હાલમાં જીએસપીસીના આંધ્રપ્રદેશ ખાતેના કાકીનાડા-કે.જી. બેઝિનમાં દરિયાના પેટાળમાંથી ખનિજ તેલ-ગેસના ખનનની કામગીરી બજાવી દેશભરના યુવાન-યુવતીઓ માટે પ્રેરણારૂપ બની પુરૂષોના પડકારજનક ક્ષેત્રમાં કારકિર્દી સ્વીકારી, એક વિશિષ્ટ સિદ્ધિ મેળવી છે. ગાંધીનગરની ગ્રીષ્માએ દેશની સૌ પ્રથમ મહિલા ઓફ શોર ડિર્લીંગ એન્જીનીયર તરીકે ગુજરાતને ગૌરવ અપાવ્યું છે.



સેક્ટર-૨૩ કડી કેમ્પસમાં આવેલી એમ.બી. પટેલ ઈંગ્લીશ મિડિયમ સ્કૂલમાં શાળાકીય શિક્ષણ અને પંડિત દિનદયાલ પેટ્રોલિયમ યુનિવર્સિટી, રાયસણમાંથી બી.ટેક, (પેટ્રોલિયમ)ની ડીગ્રી મેળવી છે. સ્કેટીંગની શોખીન ગ્રીષ્માએ કરાટેમાં બ્લેક બેલ્ટ મેળવ્યો છે. સ્પીપામાંથી આઈએએસ જેવી કારકિર્દી જતી કરનાર ગ્રીષ્મા જીએસપીસીના આંધ્રપ્રદેશ ખાતેના કાકીનાડા - કે.જી. બેઝિનમાં દરિયામાં તમામ પુરૂષો, બિન-ગુજરાતીઓ, અમેરિકન, યુરોપિયન, ઓસ્ટ્રેલિયન, કેનેડિયન અધિકારીઓ-ટેક્ટીશિયનો વચ્ચે નીડરતાથી-બિન્દાસપણે ફરજ બજાવે છે.

સુનિતા વિલિયમ અને કલ્પના ચાવલાને આદર્શ માનતી ગ્રીષ્મા વર્ષ-૨૦૦૬માં ધો. ૧૦માં ૮૯ ટકા સાથે ઉત્તીર્ણ થતાં, તે વખતના શિક્ષણમંત્રી અને હાલના મુખ્યમંત્રીશ્રી શ્રીમતી આનંદીબેન પટેલ દ્વારા સતત પ્રોત્સાહિત કરી, વર્ષો-વર્ષ પ્રેરણા, માર્ગદર્શન અને આર્થિક યોગદાન પણ પુરૂ પાડવામાં આવેલ છે.

## કેન્સરગ્રસ્ત દર્દીઓ માટે ચેરિટી શૉ

ગુજરાત કેન્સર સોસાયટીનાં લાભાર્થે લાયન્સ ક્લબ ઓફ અમદાવાદ કર્ણાવતી ડિઝાયર અને ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી યુથ વિંગનાં સહયોગથી કન્વેન્શન હોલ, જીએમડીસી ગ્રાઉન્ડ, યુનિવર્સિટી રોડ ખાતે તા. ૪-૪-૨૦૧૫ને શનિવારે સાંજે ૭ કલાકે ચેરિટી શૉ નું આયોજન કરેલ છે. જેમાં ગઝલ, ફેશન શો, સુફી ડાન્સ, રોક બેન્ડ જેવા મનોરંજન કાર્યક્રમ રાખેલ છે. આ ચેરિટી શૉ દ્વારા સમાજમાં રહેલા કેન્સરના દર્દીઓને મદદરૂપ થવાનો ઉપરોક્ત સંસ્થાઓ દ્વારા વિનમ્ર પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.

આ ચેરિટી શૉ દ્વારા એકત્ર રકમને ગુજરાત કેન્સર સોસાયટી દ્વારા કેન્સરનાં દર્દીને દત્તક લેવાની યોજના આપવામાં આવશે.

# ગીર અભ્યારણ નજીક ૫૫ યુનિટ અંતે બંધ કરી દેવાયા

અમદાવાદ, તા.૭

ગુજરાત સરકારે આજે ગુજરાત હાઈકોર્ટમાં માહિતી આપતા કહ્યું હતું કે, ૫૫ જેટલી ગેરકાયદે પેઢીઓને ગીરના સિંહના અભ્યારણ નજીક બંધ કરી દેવામાં આવી છે. સાથે સાથે ધારાધોરણોને પાળવા માટે અન્યોને પણ આદેશ કરવામાં આવ્યા છે. ગીર અભ્યારણમાં ગેરકાયદે યુનિટો બંધ કરવા અંગેની માહિતી ગુજરાત સરકારે સ્પષ્ટપણે આપી હતી. ગીર એશિયાટિક સિંહ અભ્યારણની આપસાપ ઓપરેટ ગેરકાયદે યુનિટોના સંદર્ભમાં અહેવાલ રજૂ કરતા એડિશનલ એડવોકેટ જનરલ પ્રકાશ જાનીએ હાઈકોર્ટમાં કહ્યું હતું કે, ગુજરાત સરકાર દ્વારા ગીરના સિંહના અભ્યારણની આસપાસ બે કિલોમીટરના બફરઝોનમાં ઓપરેટ ૯૮ યુનિટોનું નિરીક્ષણ કર્યું છે જે પૈકી ૫૫ યુનિટોને બંધ કરી દેવામાં આવ્યા છે. બાકીના યુનિટોને પણ ગુજરાત હાઈકોર્ટના અને સાથે સાથે અન્યત્ર નિયમો પાળવા માટે કહેવામાં આવ્યું છે. એવી ચેતવણી પણ અપાઈ છે કે જો નિયમો પાળવામાં આવશે નહીં તો તેમને બંધ કરી દેવામાં આવશે. હાઈકોર્ટની બે જજની બનેલી બેંચે હવે આ કેસમાં ૧૯મી માર્ચના દિવસે વધુ સુનાવણી કરવાનો નિર્ણય લીધો છે. જસ્ટિસ જયંત પટેલ અને જસ્ટિસ એસએચ વોરાની બનેલી હાઈકોર્ટની બેંચે જાહેરહિતની અરજી ઉપર સુનાવણી આજે હાથ ધરી હતી. અનિલ ચુડાસમાની રજૂઆતના આધાર પર અરજી પર સુનાવણી હાથ ધરાઈ હતી. અનિલ ચુડાસમાએ આક્ષેપ કર્યો હતો કે, સ્થાનિક સત્તાવાળાઓએ તેમના દ્વારા ખરીદવામાં આવેલા પ્લોટ ઉપર ખેતી કરવાથી તેમને રોકી દીધા છે. અરજીદારે આક્ષેપ કર્યો હતો કે, બફરઝોનની આસપાસના બે કિલોમીટરના વિસ્તારમાં હોટેલો અને રિસોર્ટ સહિત કેટલાક ગેરકાયદે યુનિટો ચાલી રહ્યા છે.

## સેકટર-૧૭માં ઉલ્લાસભેર હોળી પર્વ ઉજવાયું

ગાંધીનગર, તા.૭

સેકટર-૧૭માં હોળી ધુળેટીનો તહેવાર સારી રીતે હર્ષોલ્લાસ ઉમંગ સાથે ઉજવવામાં આવ્યો હતો. સેકટર-૧૭ વસાહત મંડળ અને વેપારી મંડળના પ્રમુખશ્રી રજુજી બી. ગોલે હોળી પ્રગટાવી હતી. સેકટર-૧૭ વસાહતીઓ વિશાળ સંખ્યામાં હાજર રહ્યા હતા. હોળીમાં ધાણી-ખુજર-નારીયેળ ચઢાવવાની પરંપરા જાળવી હતી. આજુબાજુના સેકટરના લોકો પણ હોળીના દર્શન કરવા આવ્યા હતા. શિક્ષણમંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહજી ચુડાસમા પરિવાર સાથે હોળી દર્શન કરવા પધારેલ હતા. હોળીના દર્શનના સમયે ૨૫ કીલો બુંદીનો પ્રસાદ વહેંચવામાં આવ્યો હતો.

# પ્રજામાં જે ભ્રમ ફેલાવાયો છે તેને ખુલ્લો પાડીશ : સોલંકી

## આવનારી નગરપાલિકાઓ વગેરે ચૂંટણીઓ પહેલા પક્ષને વધુ મજબૂત કરવા કાર્યકરોને હાકલ : કાર્યકરોની હાજરી

અમદાવાદ, તા.૭

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના નવ નિયુક્ત પ્રમુખ ભરતસિંહ સોલકી એ આજે રાજીવ ગાંધી ભવનના ખુલ્લા પટાંગણમાં મોટી સંખ્યામાં સમગ્ર રાજયમાંથી કાર્યકરો આગેવાનો અને જુદી જુદી સંસ્થાઓના પ્રતિનિધિઓની ઉપસ્થિતિમાં પ્રદેશ પ્રમુખપદનો કાર્યભર વિધિત રીતે સંભાણી લીધો હતો. મોટી સંખ્યામાં સમગ્ર રાજયમાંથી ઉમટી પડેલ કાર્યકરો, આગેવાનો ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ ભરતસિંહ સોલંકીએ સંબોધન કરતાં જણાવ્યું હતું કે, આપની લાગણીઓ આશિર્વાદ સહકાર અને ટેકાથી ભૂતકાલમાં પણ પ્રદેશ પ્રમુખ તરીકેની જવાબદારી સંભાણી હતી. અને તેવી જ અપેક્ષા સાથે અધ્યક્ષા સોનિયા ગાંધી, ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી અને એહમદભાઈ પટેલે આપ સૌના ભરોસે ફરીથી પ્રદેશ પ્રમુખ તરીકે જવાબદારી સોંપી છે. આજે નવી પરિસ્થિતિમાં કઈ રીતે મુકાબલો કરવો તેનો નિશ્ચય કરી ભાજપ દ્વારા જે ભ્રમ પ્રજામાં પેદા કર્યો છે. તેને પ્રજા સમક્ષ ખુલ્લો પાડવા આપણે સૌ એક સાથે સક્રિય રહી પ્રજાના પ્રશ્નોને વાચા આપવા અને જરૂર પડે આંદોલન પણ કરવા પડશે. આપ સૌ કોંગ્રેસ કાર્યકરો અને આગેવાનોમાં મને અતુટ શ્રધ્ધા અન વિશ્વાસ છે અને આપણે વિરોધપક્ષ તરીકે પણ વિધાનસભામાં ધારાસભ્યો સાથે વિરોધપક્ષના નેતાની પણ ભૂમિકા પ્રજાના પ્રશ્નો અને ખેડુતો ખેત પેદાશોના પુરતા ભાવો ન મળતા હેરાન પરેશાન છે. યુવાનો રોજગારીની સમસ્યાથી પરેશાન છે. મહિલાઓની સુરક્ષાના મુદ્દે રાજય સરકાર નિષ્ફળ છે. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પૂર્વ પ્રમુખ અર્જુનભાઈ મોઢવાડીયાએ સતત કાર્યકર્તાઓ, આગેવાનોને સાથે રાખીને સતત ચાર વર્ષ સુધી પક્ષ માટે નેતૃત્વ આપ્યું તે બદલ સમગ્ર પક્ષ વતી ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું. ભરતસિંહ સોલંકીએ વધુમાં જણાવ્યું હતું કે, ગુજરાત રાજયની એક લાખ દસ હજાર કરોડની આવકમાંથી ૩૦ ટકાથી વધુ મળતીયાઓને ભેટ ધરી દે છે. આવા બધા પ્રશ્નોને પ્રજા સમક્ષ લઈ જઈ ૨૦૧૭ ની વિધાનસભાની ચૂંટણી પહેલા આવનાર સ્થાનિક સ્વરાની ચૂંટણીઓ, મહાનગરપાલિકા, જીલ્લા પંચાયત અને નગરપાલિકાઓમાં જુઠ્ઠા વાયદા અને વચનોથી ભ્રમિત કરનાર ભાજપને પ્રજા સમક્ષ ખુલ્લા પાડવા આપણાં સૌની જવાબદારી છે. આપણે સૌ સાથે મળીને ગામડાઓ અને શહેરોમાં જઈ કોંગ્રેસને મજબૂત બનાવીએ અને સાથે મળીને કામ કરીશું એવો એકજુટતાનો સંદેશ આપ્યો. કોંગ્રેસ પક્ષનાં નવનિયુક્ત પ્રમુખ ભરતસિંહ સોંલકીના પદ ગ્રહણ સમારોહને હાર્દિક શુભેચ્છા સંદેશ પાઠવતાં અખિલ ભારતીય કોંગ્રેસ સમિતિનાં અધ્યક્ષા સોનિયા ગાંધીના રાજકીય સચિવ અહેમદભાઈ પટેલે જણાવ્યું હતું કે, કાર્યકરો અને પ્રજાને સાથે લઈ મહાત્મા ગાંધીજીના ગુજરાતમાં ગાંધી મુલ્યનું પુનઃસ્થાપન કરીએ અને રાજયમાં કોંગ્રેસ સતારૂઢ થાય તે માટેના પ્રયાસોમાં સંપૂર્ણ સાથ સહકાર રહેશે તેવું જણાવ્યું અને સફળતા માટે હાર્દિક શુભેચ્છાઓ પાઠવી હતી.

શુભેચ્છા સંદેશનું વાંચન પ્રદેશ મહામંત્રી નિશીત વ્યાસે કર્યું હતું. અખિલ ભારતીય કોંગ્રેસ સમિતિના મહામંત્રી અને ગુજરાતના પ્રભારી ગુરુદાસ કામતે કાર્યકરોને સંબોધતા જણાવ્યું હતું કે, પ્રમુખ તરીકે નેતૃત્વ પુરૂં પાડ્યું તે માટે અર્જુનભાઈ મોઢવાડીયાને અખિલ ભારતીય કોંગ્રેસ તરફથી ખુબ ખુબ અભિનંદન પાઠવું છું. ભાજર સાશકો સત્તામાં આવીને પ્રજાને કિનારે કરી દીધી છે. આ સંજોમાં કોંગ્રેસ પક્ષના કાર્યકરો અને આગેવાનો ફરજ બને છે કે ચૂંટણી સમયે સત્તા મેળવવા માટે ભાજપ કરેલા વાયદાઓનો પર્દાફાશ કરવામાં આવે. ગુજરાત વિધાનસભા કોંગ્રેસપક્ષના નેતા શકંરસિહ વાઘેલાએ સંબોધન કરતા જણાવ્યું હતું કે, પ્રજાનો મોહંભગ થઈ ગયો છે. કોંગ્રેસ પક્ષના વરિષ્ઠ નેતા શક્તિસિંહ ગોહિલ જણાવ્યું હતું કે, નવનિયુક્ત પ્રમુખ આપણા ગુજરાત કોંગ્રેસના પ્રતિકરૂપ છે. અને જવાબદારી આપણી સૌની છે તેમ સમજી આપણે સૌએ સાથે મળીને ચાલીશું.

# એડલેબ્સ એન્ટરટેઈન્મેન્ટ લિમિટેડનો પબ્લિક ઈશ્યૂ ૧૦ માર્ચે ખુલે છે

એડલેબ્સ એન્ટરટેઈન્મેન્ટ લિમિટેડ (''કંપની'' અથવા 'ઈશ્યૂઅર'') ૧૦ માર્ચ, ૨૦૧૫ના રોજ પ્રત્યેક ઈક્વિટી શેર 'ઈશ્યૂ' દીઠ એક શેર પ્રીમિયમ ધરાવતા રૂ. ૧૦ની મૂળકિંમત ('ઈક્વિટી શેર')ના ૨૦,૩૨૬,૨૨૭ સુધીના ઈક્વિટી શેરના પબ્લિક ઈશ્યૂનો પ્રારંભ કરવાની દરખાસ્ત કરી છે. ઈક્વિટી શેર દીઠ રૂ. ૨૨૧થી ૨૩૦નો પ્રાઈસ બેન્ડ નિર્ધારિત કરવામાં આવ્યો છે. શ્રી મનમોહન શેટ્ટી અને થ્રિલ પાર્ક લિમિટેડ આ કંપનીના પ્રમોટર્સ છે. આ ઈશ્યૂમાં ૧૮,૩૨૬,૨૨૭ ઈક્વિટી શેર ('ફ્રેસ ઈશ્યૂ')ના ફ્રેશ ઈશ્યૂ અને થ્રિલ પાર્ક લિમિટેડ ('સેલિંગ શેરહોલ્ડર') દ્વારા ૨,૦૦૦,૦૦૦ ઈક્વિટી શેર ('ઓફર ફોર સેલ')ની ઓફર ફોર સેલનો સમાવેશ થાય છે. બિડ કરવા માટેનો લઘુત્તમ લોટ ૬૫ ઈક્વિટી શેરનો છે અને ત્યાર બાદ તે ૬૫ ઈક્વિટી શેરનો ગુણોત્તર ધરાવે છે. આ ઈશ્યૂમાં કંપનીની ઈશ્યૂ પછીની ભરપાઈ થયેલી ઈક્વિટી શેર મૂડીના ૨૫.૪૪ ટકા હિસ્સાનો સમાવેશ થાય છે. ગ્લોબલ કો-ઓર્ટિનેટર્સ અને લીડ મેનેજર્સ ('જીસીએલએમ') સાથેના પરામર્શ દ્વારા કંપનીએ રિટેલ ઈન્ડિવિડ્યુઅલ બિડર્સ ('રિટેલ ડિસ્કાઉન્ટ')ને ઈશ્યૂ પ્રાઈસ (ઈક્વિટી શેર દીઠ) પર રૂ. ૧૨નું ડિસ્કાઉન્ટ ઓફર કર્યું છે.

આ ઈશ્યૂ બુક બિલ્ડિંગ પ્રક્રિયા દ્વારા લાવવામાં આવી રહ્યો છે, જે હેઠળ કંપની અને સેલિંગ શેરહોલ્ડર ક્યુઆઈબી પોર્શનના ૬૦ ટકા સુધીના હિસ્સાની એન્કર રોકાણકારોને વિવેકાધિકાર અનુસાર ફાળવણી કરી શકે એવી શરત સાથે ઈશ્યૂનો ઓછામાં ઓછો ૭૫ ટકા હિસ્સો ક્વોલિફાઈડ ઈન્સ્ટિટ્યુશનલ બાયર્સ ('ક્યુઆઈબી')ને પ્રમાણસર ધોરણે ફાળવવામાં આવશે. એન્કર રોકાણકારોની બિડીંગની તારીખે (માર્ચ ૯, ૨૦૧૫)ના રોજ એન્કર રોકાણકારો બિડિંગ કરી શકશે. વધુમાં સિક્યોરિટીઝ એન્ડ એક્સ્ચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (ઈશ્યૂ ઓફ કેપિટલ એન્ડ ડિસ્કલોઝર રિક્વાયર્મેન્ટસ) રેગ્યુલેશન્સ, ૨૦૦૯ ('સેબી આઈસીડીઆર રેગ્યુલેશન્સ')ની જોગવાઈઓ અનુસાર ઈશ્યૂ પ્રાઈસ અથવા તેથી વધુના ભાવે પાત્રતા ધરાવતા બિડ્સ પ્રાપ્ત થવાની શરતે આ ઈશ્યૂનો ૧૫ ટકા કરતા વધુ નહીં એટલો હિસ્સો બિન-સંસ્થાકીય બિડર્સને અને ઈશ્યૂનો ૧૦ ટકા કરતાવધુ નહીં એટલો હિસ્સોરિટેલ ઈન્ડિવિઝ્યુઅલ બિડર્સને ફાળવણી માટે ઉપલબ્ધ રહેશે.

## શબ્દાવલી - ૫૬૬૩

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ■ | ૫ | ૬ | ૭ |
| ■ | ૮ | | | ■ | ૯ | | |
| ૧૦ | | ■ | ૧૧ | | | ■ | |
| ૧૨ | | ■ | | ■ | ■ | ૧૩ | |
| | ■ | ૧૪ | ■ | ૧૫ | | | |
| ■ | ૧૬ | | ■ | | ■ | | ■ |
| ૧૭ | | | ■ | ૧૮ | | ■ | ૧૯ |
| ૨૦ | | | ■ | | ■ | ૨૧ | |

### આડી ચાવી

૧. દૂધને ઠંડુ કરી બનાવાતી વાનગી (૪)
૫. ખુશી (૩)
૮. એકલવાયુ (૩)
૯. સિપાહી (૩)
૧૦. બરફનો વરસાદ પડે તે(૨)
૧૧. ગોટી, અંટી (૩)
૧૨. ગમન, વિદાય (૨)
૧૩. કૃષ્ણ પક્ષ, તિથી (૨)
૧૫. સાગર, દરિયો (૪)
૧૬. બંધકર, દરવાજો... (૨)
૧૭. ઘા-ગુમડા પર... લગાવાય (૩)
૧૮. માંગલિક (લગ્ન) પ્રસંગ(૨)
૨૦. બહુ અવાજ કરતું જંતુ(૩)
૨૧. ધોરણ, વર્ગ (૨)

### ઊભી ચાવી

૨. વહેમ મારવો (૪)
૩. પડદો (૨)
૪. મોટું ભવન (૪)
૫. તંબુ, છાવણી (૩)
૬. મોટી બેન, દીદી (૨)
૭. પુજ્ય ગાંધી બાપુનું જન્મ સ્થળ (૫)
૧૦. કાજળ (૩)
૧૩. મુખ, ચહેરો (૩)
૧૪. ભૂખથી લોક મરે તે (૪)
૧૫. દાન (૫)
૧૬. પ્રિયતમ, પિયુ (૩)
૧૭. વિચાર, વોટ (૨)
૧૯. રક્ષણ, રાખડી (૨)

### શબ્દાવલી ૫૬૬૨ના જવાબ

**આડી ચાવી :-** (૧) કાતીલ (૩) શતાવરી (૬) પલટન (૭) ગીલેટ (૯) રસેશ (૧૦) લખવું (૧૧) પન (૧૩) ખાટ (૧૪) ગમ (૧૫) સકર્મ (૧૬) રસાતાળ (૧૮) વેળા (૨૦) વગ (૨૧) શબનમ

**ઊભી ચાવી :-** (૨) કારગીલ (૨) લપટવું (૩) શટરપટર (૪) તાનસેન (૫) રીસ (૮) લેખનકળા (૧૨) કોમળ (૧૪) ગતાગમ (૧૫) સવેળા (૧૭) સાવન (૧૯) છાશ

## બીલ મળ્યા નથી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જોડાણકર્તાઓને બીલ ન મળ્યું હોવાનું પણ તંત્રના ધ્યાને આવ્યું છે. આ મામલે બીલ ન મળ્યું હોય તેવા કિસ્સામાં સે. ૧૬ સ્થિત પાટનગર યોજના ભવનમાં પાણી વિભાગની કચેરીનો સંપર્ક કરવા જણાવાયું છે. છેલ્લા એક મહીના દરમિયાન તંત્ર દ્વારા અંદાજિત રૂ. ૪૦ લાખની વસુલાત કરવામાં આવી છે. વસુલાત ક્ષેત્રે તંત્રના ચોપડે વર્ષો જૂના બાકી માંગણાનો આંકડો ઉંચો છે. ત્યારે આગામી તબક્કામાં બાકીદારોને નોટીસ આપી વેરો વસુલ કરવા તંત્ર દ્વારા કડક કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

## સમયસર

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ઉભુ નથી કરી શક્યા તે આપણી બદનસીબી છે.

પુત્ર રત્નની ઘેલછા હજુ આપણે ત્યાં યથાવત રહી છે. સ્ત્રી ભ્રૂણ હત્યાના કાયદાઓ ઘડી દીધા, તેના માટે અનેક જાગૃતિના કાર્યક્રમો યોજી દીધા પરંતુ હકીકત એ છે કે ગુજરાત જેવા વિકસીત ગણાતા રાજ્યમાં પણ એવા કેટલાક વિસ્તારો છે જ્યાં કન્યા ભ્રૂણ હત્યાનું પ્રમાણ ઉંચુ છે. મહિલાઓના વિકાસની વાતો પોકળ પુરવાર થઈ રહી છે. માત્ર સરકારી જાહેરાતો કે વિશ્વ મહિલા દિને અવનવા કાર્યક્રમો યોજી મહિલાઓનો વિકાસ નહી થાય ! જરૂરિયાત છે આપણી માનસિકતા બદલવાની, આપણો દૃષ્ટિકોણ બદલવાની.

## રંગનું પર્વ...

● અનુસંધાન પહેલાનું ચાલુ

મોકલી આપવામાં આવ્યા હતા. આ સંદર્ભે અડાલજ પોલીસે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે જેની તપાસ એ.એસ.આઈ. અરવિંદભાઈ ભલાજી અને અમરતભાઈ રાઠોડ લાવી રહ્યા છે. બંને યુવાનની અંતિમ યાત્રામાં મોટી સંખ્યામાં નગરજનો જોડાયા હતા.

ધૂળેટીના પર્વ દરમિયાન જિલ્લા કલોલમાં ધૂળેટી રમી ન્હાવા પડેલા ચાર મિત્રો પૈકી ત્રણ મિત્રોના ડુબી જવાથી મોત નિપજયા હતા જયારે એક વ્યકિતનો આબાદ બચાવ થયો હતો. ધૂળટીના દિવસે ગોતા ખાતેના સૂર્યદિપ ટેનામેન્ટમાં રહેતા અમીત રમેશભાઈ ગોહીલ (ઉ.વ.૨૨), અંકિત રામજીભાઈ પરમાર (ઉ.વ.૨૩) અને શશીકાન્ત પરમાનંદગીરી ગોસ્વામી (ઉ.વ.૧૯) તેમજ ધવલ દેસાઈ (રહે. વસંતનગર ગોતા) કલોલ તાલુકામાંથી પસાર થતી જાસપુર કેનાલમાં ન્હાવા માટે આવ્યા હતા. જયાં ચાર પૈકી અમીતનો પગ લપસતા અન્ય ત્રણ મિત્રો તેને બચાવવા માટે પણ પાણીમાં ગયા હતા. કેનાલના પાણીના પ્રવાહમાં વધુ લીલ હોવાથી અમીત, અંકિત અને શશીકાંતના ડુબી જવાથી કરૂણ મોત નિપજયા હતા જયારે ધવલ દેસાઈનો આબાદ બચાવ થયો હતો. આ અંગે કલોલ પોલીસે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે. ઉલ્લેખનીય છે કે હોળી-ધુળેટી અને ગણેશ વિસર્જનના પર્વે તળાવ અને નદીના પટમાં ડુબી જવાના વખતો વખત બનાવો બનતા રહ્યા છે અને અનેક લોકોના ભોગ પણ લેવાય છે ત્યારે નદી નાળા અને તળાવમાં ન્હાવા જવા મામલે પરિવારજનોમાં હજુ પણ જાગૃતતાનો અભાવ છે.

## કમોસમી વરસાદ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સમયે હોળીની જ્વાળા જોતાં પવન ઓછો જણાયો હતો જેથી ચોમાસુ અનિયમિત રહે. ઘણા ભાગોમાં વરસાદનું પ્રમાણ સારૂ રહે. કોઈ કોઈ ભાગોમાં વરસાદ ખેંચાય. આ વખતે દેશના પૂર્વીય ભાગો તેમજ દિલ્હી વિગેરે ભાગોમાં વરસાદ વહેલો આવી શકે. વરસાદ અંગે ચોમાસાની વચ્ચે વાયરીયુ ખેંચાય. પાછોતરો વરસાદ આવી શકે. સૌર વિક્ષ્યોપની અસરો જણાતાં ઉનાળામાં અલનીનોની અસર થઈ શકે. જો કે દેશમાં અલનીનોની અસર કેટલીક વખત ભારે વરસાદ પણ કરી શકે.

ટચૂકડી જાહેર ખબર

**વેચવાનું છે**

વેચવાનો છે - બંગલો : કોબા નજીક, પેટ્રોલિયમ યુનિવર્સિટી રોડ, પ્રમુખ પાર્ક વિભાગ-૨માં ૨૨૬ વારના પ્લોટમાં ૨૬૭ વાર બાંધકામનો.

રમણભાઈ : ૯૮૨૫૪ ૧૩૧૪૪
દિલીપભાઈ : ૯૮૨૫૦ ૨૩૦૨૪

**ટેનામેન્ટ વેચવાનું છે**

3 BHK, રીનોવેટેડ, વીથ ફર્નિચર, સેક્ટર-૨૪, આદર્શનગર, 'ખ' રોડ, ગાંધીનગર

સંપર્ક : ૯૪૨૭૫ ૨૦૩૭૭